ક્રિ. કેસ નંબરઃ—૨૮૮૦૯/૨૦૧૭

આંકઃ—૧ નીચે હુકમ :—

———————————————————————————————————————————————————

સદર ફરિયાદી કંપનીએ તેમના અધિકૃત અધિકારી મારફતે હાલની ફરિયાદ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ—૧૩૮ હેઠળ દાખલ કરેલ છે તેમજ સદર કેસનું રેકર્ડ ચકાસતાં સદર કામ આરોપી વિરૂધ્ધ બિનજામીન લાયક વોરંટ બજવા માટે ઘણાં સમયથી પેડિંગ છે. વધુમાં નવા અધિકૃત અધિકારીની નિમણુંક કરવા છતાં પણ તેમજ સદર કેસ કે જે ટારગેટેડ કેસ હોવા છતાં ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ ધરાવતા નથી તેમજ ફરિયાદીના અધિકૃત અધિકારી તેમજ તેમના વિ.વ.શ્રી તેની ગંભીરતા સમજતા ન હોવાથી તેમજ જુના કેસનો ઝડપી નિકાલ કરવા નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રીમ કોર્ટ દવારા વખતો વખત ડાયરેકશન આપેલ હોય જે નજર સમક્ષ રાખતા સદર કેસની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની સદર કાયદામાં જોગવાઈ હોવા છતાં ફરિયાદી તથા તેમના વિ.વ.શ્રી મુદ્દત તારીખે હાજર રહેલ નથી.

રેકર્ડકીય વિગત નજર સમક્ષ રાખી ક્રિ.પ્રો.કોડ કલમ—૨૫૬ વંચાણે લીધી, સદર કલમની જોગવાઈ જણાયેલ કાયદાકીય પ્રાવધાન વંચાણે લેતાં, તેમાં જણાવેલ છે કે, સમન્સ કેસના કામે સુનવણી માટે કામ મુલત્વી રહેલુ હોય તેવા સમયે ફરિયાદી હાજર ન થાય તો મેજીસ્ટ્રેટ કોઈ કારણસર કેસની સુનવણી બીજા કોઈ દિવસ પર મુલત્વી રાખવાનુ યોગ્ય લાગે તે સિવાય આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવુ જણાવેલ છે.

આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરિયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર છે. વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતના ઈન્ડીયન બેંક એસોસીએશનનો ન્યાયીક નિણર્યમા નામદાર સર્વોચ્ચ અદાલતે કરેલા અવલોકન ધ્યાને લઈ આપેલ ડાયરેકશન ધ્યાનમા રાખતા, આ કામે લાંબા સમયથી કોઈ કાર્યવાહી થયેલ નથી ત્યારે રેકર્ડકીય સમગ્ર હકીકત નજર સમક્ષ રાખતા નીચે મુજબ હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

**:: હુ ક મ ::**

હાલની ફરિયાદ ક્રિ.પ્રો.કોડ કલમ—૨૫૬ની જોગવાઈ મુજબ ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે (ડિસમીસ ફોર ડિફોલ્ટ) યાને કે કાઢી નાંખી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬.
અમદાવાદ.

**(હર્ષિત ડાહયાભાઈ પટેલ)**
**૧૭ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**સ્પેશ્યલ નેગોશીયેબલ કોર્ટ નં. ૩૭**
(GJ 01082)